| | |
|---|---|
| દાખલ થયા તા . | ૦૩/૦૬/૨૦૨૨ |
| રજુ કર્યા તા. | ૦૩/૦૬/૨૦૨૨ |
| ફેંસલ કર્યા તા. | ૨૬/૦૬/૨૦૨૨ |
| સમય મર્યાદા | વર્ષ– માસ– દિવસ– |

**મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે ,કોર્ટ નં. ૦૧, અમદાવાદ.**

**ક્રિમીનલ કેસ નં. :– ૫૩૮૦૯/૨૦૨૨**

ફરીયાદી :– સરકાર

વિરુધ્ધ.

આરોપી :– સુલતાન વાહીદભાઈ અંન્સારી ઉ.વ. ૨૨,

રહે. મ.નં. ૨૦૩ ,દિપુભાઈની દુકાનમાં પાછળના ભાગે ,

એન.કે. વેર હાઉસ, નારોલ, અમદાવાદ

**ગુન્હો:–ઈ.પી.કો કલમ– ૨૮૩ મુજબ.**

**ફરીયાદી તરફે : વિ. વ.શ્રી એમ.એમ. મેકવાન**

**આરોપી તરફે : વિ. વ. –––––**

**જજમેન્ટ**

(૧) (૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ તા.૧૬–૦૩–૨૦૨૨ ના કલાક ૨૦:૦૫ વાગ્યા નારોલ સર્કલ પાસે પોતાના કબજાની કે.જી.એન. નામની ઈંડાની લારી સરેઆમ જાહેર રોડ આવતા જતા વાહનો તેમજ રાહદારી ટ્રાફિકને અડચણ થાય તેમ કરી રાખેલ હોઈ તે અંગે ફરીયાદીએ ફરીયાદ આપતાં તે અંગે ''જે ટ્રાફીક '' પો.સ્ટે.પાર્ટ બી. ગુ. રજી.નં.૧૧૧૯૧૦૬૦૨૨૦૧૪૪/૨૦૨૨ નો ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબનો ગુનો કરેલ જે અંગે તપાસના અંતે ત.ક.અધિ.શ્રીએ ક્રિ. પો.કોડની કલમ ૧૭૩(૨) તળે ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ કાઢતાં પેટી ઓફેન્સ હોઈ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ

છે.

(૩) આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી થતાં અગાઉ આરોપીનાએ ગુનો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ ગુનો છે અને તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શિરે રહેલ છે તેવી રજુઆત કરેલ છે. આરોપીના ગુનો કબુલ કરેલ છે તે અંગે તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની સજાની જોગવાઈ સમજાવવા છતાં તેઓ ગુનો કબુલાતને વળગી રહેલ છે જેથી તે ન માનવાને કોઈ કારણ નથી. આથી આરોપીને હવે ઈ.પી.કો. કલમ–૨૮૩ તળેના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીનો પ્રથમ ગુનો હોઈ કાયદાનુસાર મહત્મ સજા ન કરતાં હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે. આથી, વિશેષ ચર્ચા ન કરતાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

–:: હુ ક મ ::–

(૧) આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવીને રૂા.૧૦૦/–(એકસો રૂપિયા પુરા)નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાય તો દિન–૧૫ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૬–૦૬–૨૦૨૨ના રોજ સ્પેશીલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

.

**Date. 26/06/2022**

**Place:SPECIAL SITTING AHMEDABAD**

**(MR.SANJAY BABULAL SHAH)**
**GJ-00755**
**ADDI.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEDABAD**